ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં એક જ દિવસમાં સાત અકસ્માત

## પાટનગરનાં ખુલ્લા માર્ગો રફ ડ્રાઈવીંગ માટેનું મોકળુ મેદાન : સેક્ટર-૬/૭ બસ સ્ટેન્ડ નજીક તુફાન ચાલકે વૃદ્ધાને મોતને ઘાટ ઉતારી : બેફામ જતા બાઈકચાલકને બચાવવા જતાં ચ-૧ નજીક વેગનઆર ઝાડમાં ઘુસી : કારચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૬

અમદાવાદમાં સાંકળા માર્ગો અને હેવી ટ્રાફીક રહેતો હોય છે તેમ છતાં ત્યાં અકસ્માતમાં મૃત્યુ થવાની સંખ્યા ગાંધીનગરની સરખામણીમાં ઓછી છે. ગાંધીનગરમાં ખુલ્લા અને પહોળા માર્ગો રફ અને ધૂમ સ્પીડે ડ્રાઈવીંગ કરવા માટેનું મોકળુ મેદાન બની ગયુ છે. જેને પગલે અકસ્માતમાં મૃત્યુની સંભાવના બમણી થઈ જાય છે. ગાંધીનગર શહેર માટે ગુરૂવારનો દિવસ ગોઝારો બન્યો હતો. આજે એક જ દિવસમાં શહેરમાં સાત વિવિધ અકસ્માતો બનવા પામ્યા હતા. જેમાં એક વૃદ્ધાનું હિટ એન્ડ રનથી મૃત્યુ અને એક ડૉક્ટરનું બાઈકચાલકને બચાવવા જતાં ગાડી ઝાડમાં ઘુસી જવાથી મૃત્યુ થવા પામ્યું છે. શહેરમાં સાત વિવિધ અકસ્માતોમાં મૃત્યુઆંક બે પર પહોંચ્યો હતો. જિલ્લામાં એક જ દિવસમાં આજે ૧૧ અકસ્માતો સર્જાયા હતા. જેને પગલે ૧૦૮ એમ્બ્યુલન્સની સાયરનોથી ગાંધીનગર ગુંજી ઉઠ્યું હતું.



ગુરૂવારે સવારથી સાંજ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં વિવિધ ૧૧ અકસ્માતો સર્જાયા હતા જે પૈકી માત્ર ગાંધીનગર શહેરમાં જ સાત અકસ્માતો હતા. શહેરના સે. ૧૨ પ્લોટ નં. ૩૫૬/૨ ખાતે રહેતા ૫૨ વર્ષિય સુરેશભાઈ પી. ઠાકર સાંજે અમદાવાદથી પોતાની વેગનઆર ગાડી નં. જીજે-૧૮-એબી-૯૯૧૧ લઈને ગાંધીનગર આવી રહ્યા હતા ત્યારે ચ-૦ થી ચ-૧ તરફ એક બાઈકચાલક બેફામ ગતિએ જઈ રહ્યો હતો. વેગનઆર તેની બાજુમાંથી પસાર થઈ તે જ વખતે તે બાઈકચાલકે કાઉં મારતા અકસ્માત થવાની શક્યતાને પગલે ડૉ. સુરેશભાઈએ તેમની કારનું સ્ટીયરીંગ ફેરવી નાંખી બાઈકચાલકને બચાવવા પ્રયત્ન કર્યો..! બાઈકચાલક તો બચી ગયો અને જતો પણ રહ્યો પરંતુ તેને બચાવવાનો પ્રયત્ન કરનાર ડૉ. સુરેશભાઈની ગાડી એક ઝાડમાં ધડાકાભેર ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં તેમને ગંભીર ઈજાઓ થતા ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ અને ત્યાંથી એપોલો હોસ્પિટલ વધુ સારવાર માટે લઈ જવાયા હતા. અકસ્માત સ્થળે લોહીના ખાબોચીયા ભરાઈ ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલા ડૉ. સુરેશભાઈનું સારવારમાં મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે સે. ૭ પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે. તો બીજી તરફ સે. ૨૫ ખાતે રહેતા ૭૦ વર્ષિય વૃદ્ધા મધુબેન ગોવિંદભાઈ શુકલ ઘ-માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ધસમસતી આવતી તુફાન જીપે વૃદ્ધાને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી દીધી હતી. અકસ્માત સર્જીને આરોપી ડ્રાઈવર જીપ સાથે પળવારમાં ફરાર થઈ ગયો હતો. હીટ એન્ડ રનનાં આ કેસમાં જીપ નંબર મળી શક્યો નથી. સે. ૭ પોલીસે અજાણ્યા ચાલક સામે ગુનો નોંધી વૃદ્ધાનો મૃતદેહ પી.એમ. કરાવી વધુ તપાસ શરૂ કરી છે. આ બન્ને મોટા અકસ્માતો શિવાય અખબાર ભવન સે. ૧૧ પાસે એક ત્રીપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં સદ્નસીબે કોઈ જાનહાની થઈ ન હતી. પરંતુ ગાડીઓમાં મોટુ નુકશાન થયું હતું. શહેરમાં અલગ-અલગ સ્થળોએ આજે સાત અકસ્માતોના બનાવો બનવા પામ્યા હતા. જેમાં બે અકસ્માતમાં બે ના મૃત્યુ થવા પામ્યા છે.


(તસવીર : દિપક જાની)

# સ્વર્ણિમ પાર્કની વોટર બોડીમાં બે દિવસમાં ૯ લાખ લીટર પાણી સમાવી શકાશે

## વોટરબોડીમાં એડીશનલ ફીલ્ટર મુકાયા

ગાંધીનગર, તા.૧૬

શહેરના સ્વર્ણિમ પાર્કમાં સ્થિત વોટર બોડીની ક્ષમતા બમણી કરી દેવામાં આવી છે.હવેથી બે દિવસમાં વોટરબોડીમાં ૯ લાખ લિટર પાણી ભરાઈ શકાશે. વોટરબોડીમાં એડીશનલ ફીલ્ટર મુકી દેવામાં આવ્યા છે. જેના લીધે વોટરબોડીની જાળવણીનુ કામ પણ યોગ્ય રીતે થઈ શકશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કની વોટર બોડીએ આર્કષણ જમાવ્યુ છે. વેકેશનનો સમયગાળો શરૂ થતા પાર્કમાં સહેલાણીઓની ભીડ જામે છે. હાલ પાર્કની વોટરબોડીની સફાઇ હાથ ધરવામાં આવી છે.આ દરમિયાન વોટરબોડીની ક્ષમતા બેવડાવી દેવાઇ છે.જેના પરિણામે હવેથી વોટરબોડીમાં ૯ લાખ લિટર પાણી સમાવી શકાશે. વોટર બોડીમાં એડીશનલ ફીલ્ટર મુકવામાં આવ્યા છે. જેથી ચાર દિવસના બદલે હવે બે દિવસમાં વોટર બોડીમાં પાણી ભરાઇ જશે. વાટરબોડીમાં આરઓ નુ ફીલ્ટર પાણી આવશે. અંદાજીત ૫ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલી વોટર બોડીમાં સ્પેરપાર્ટસની યોગ્ય જાળવણી પણ થઇ શકશે. વોટરબોડીમાં ફીટ કરેલા ફુવારામાં જર્મન ટેકનોલોજીના સ્પેરપાર્ટસ ફીટ કરવામાં આવ્યા છે. વોટરબોડીની સફાઇ અને ફીલ્ટર પ્રક્રીયા બાદ અઘતન ટેકનોલોજીથી સજ્જ ફાઉન્ટેઈનના પાર્ટસ પણ જળવાઇ રહેશે.તેમજ તેની કાર્યક્ષમતા પણ વધશે. વેકેશનના સમયગાળાને ધ્યાને લઇ ફાઉન્ટેઈનના શો નો સમય પણ બદલાશે.અલબત્ત શો ના સમયમાં પણ ફેરફાર કરવામાં આવશે.

# ગાંધીનગર શહેરમાં પુનઃ તાપમાન ઉંચકાયુ

ગાંધીનગર, તા. ૧૬

ગયા અઠવાડિયે પડેલા માવઠા બાદ છેલ્લા ત્રણેક દિવસથી આકાશ સ્વચ્છ બન્યુ છે અને ધીમે ધીમે ગરમી વધી રહી છે. ગુરૂવારે મહત્તમ તાપમાન ૩૮.૫ ડિ.સે. નોંધાયુંહતું. છેલ્લા બે દિવસમાં ૪ ડિગ્રી જેટલુ તાપમાન વધ્યુ છે.

વાતાવરણમાં વારંવાર ફેરફાર થવો, માવઠુ થવું અને તાપમાનમાં ચાર-પાંચ ડિગ્રીનો એક સાથે વધારો કે ઘટાડો થવો તે ખુબ જ સ્વાભાવિક પ્રક્રિયા થઈ ગઈ છે. છેલ્લા કેટલાક દિવસોમાં જ ત્રણથી ચાર વખત માવઠાની અસરના કારણે તાપમાન ગગડ્યુ હતુ. કાળઝાળ ગરમી પડવી જોઈએ તેના સ્થાને વરસાદ થતાં તથા તાપમાન નીચુ જતાં સૌને આશ્ચર્ય થઈ રહ્યું છે. ગયા અઠવાડિયે કરાં સહિતનો વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. તે પછી ધીમે ધીમે વાતાવરણ સ્વચ્છ થતાં ગરમીમાં વધારો થઈ રહ્યો છે. ગુરૂવારે મહત્તમ તાપમાન ૩૮.૫ ડિ.સે. નોંધાયુ હતુ, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૪.૫ ડિ.સે. જેટલુ રહ્યુ હતુ. ભેજ સવારે ૪૭ ટકા અને સાંજે ૨૪ ટકા રહ્યો હતો.

# માધ્યમિક શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટે મે-મહિનામાં શિક્ષકોની તાલીમ

## બે તબક્કામાં ૧૧ તજજ્ઞો દ્વારા તાલીમ અપાશે

ગાંધીનગર, તા.૧૬

શિક્ષણમાં ગુણવત્તા સધારણા માટે આગામી મેં મહીનામાં જિલ્લાના માધ્યમિક વિભાગના શિક્ષકોને તાલીમ આપવામાં આવશે. આ તાલીમમાં ૪૦૦ જેટલા શિક્ષકો ભાગ લેશે. બે તબક્કાની તાલીમમાં ૧૧ જેટલા તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

માધ્યમિક શાળામા અભ્યાસ કરતા વિધાર્થીઓને અસરકારક શિક્ષણ પુરૂ પાડવા માટે શિક્ષકોને તાલીમ આપવામાં આવશે.જિલ્લા શિક્ષણ તંત્રના જણાવ્યા મુજબ માધ્યમિક વિભાગના શિક્ષકોને અનુલક્ષી આ વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ હેઠળ ૪૨૦ જેટલા શિક્ષકોને આવરી લેવામાં આવશે. આ તાલીમ બે તબક્કામાં પાંચ દિવસ માટેની રહેશે.શિક્ષણમાં ગુણવત્તા સુધારણા અંતર્ગત યોજાનારી આ તાલીમ દરમિયાન શિક્ષણની નવી નવી પધ્ધતિઓ અંગે માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે. શિક્ષકો વર્ગખંડમાં વિધાર્થીઓને અસરકારક શિક્ષણ આપવા શિક્ષકોને તાલીમબધ્ધ કરવામાં આવશે. જયારે આગામી મેં મહીનામાં યોજાનારી આ તાલીમ પૂર્વે ૧૧ જેટલા તજજ્ઞોને પણ તાલીમ આપવામાં આવશે. જિલ્લાની સરકારી શાળાઓમાં પ્રતિવર્ષ પરિણામની ટકાવારી નીચી જતી જાય છે. ત્યારે આ પ્રકારની તાલીમ અસરકારક પુરવાર થશે. તેવી આશા જન્મી છે.


(તસવીર : કશ્યપ નિમાવત)

વેકેશનનો માહોલ - શહેરમાં શાળાકીય પરીક્ષાઓ લગભગ પૂરી થઈ છે ત્યારે સ્વર્ણિમ પાર્કમાં વેકેશનનો માહોલ અનુભવાય છે.... સવારે અને સાંજના સમયે હરિયાળીમાં રમવા માટે બાળકો ઉમટે છે... પરીક્ષાનો ભાર ઉતર્યા પછી બાળકોમાં રજાઓ માણવાની એક અનોખી લિજ્જત હોય છે... અવનવી રમતો રમતા બાળકો સમગ્ર વાતાવરણને કિલ્લોલથી ભરી દે છે... ક્યારેક માટીના ઢગલા પર બેસીને રમતા બાળકો અવનવી વાતો કરતા હોય છે અને મોજ-મસ્તી કરતા હોય છે... પરંતુ માટી સાથેનું માનવજાતનું અનુસંધાન સહજતાથી અનુભવાય છે...

# રાઈટ ટુ એજયુકેશન મામલે નિરસતા બે વર્ષમાં માત્ર ૭૩ વિધાર્થીઓને પ્રવેશ

## ગરીબ અને વંચિત જૂથના બાળકોને વિનામુલ્યે સ્વનિર્ભર શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે છે : વાલીઓમાં જાગૃતિનો અભાવ

ગાંધીનગર, તા.૧૬

ગરીબ તેમજ નબળા વર્ગના વિધાર્થીઓને શિક્ષણ પુરુ પાડવા અમલી બનાવાયેલા રાઈટ ટુ એજયુકેશન મામલે ભારાભાર નિરસતા સેવાઈ રહી છે. છેલ્લા બે વર્ષમાં માત્ર ૭૩ વિધાર્થીઓને જ પ્રવેશ આપી શકાયો છે. ગરીબ અને વંચિત જૂથના પરીવારજનોમાં આ મામલે વિશેષ જાગૃતતા કેળવાય તે અનિવાર્ય બન્યું છે. શિક્ષણ તંત્રએ પણ આ માટે ત્રણવાર પ્રયત્નો હાથ ધર્યા છતાં લાકજાગૃતિના અભાવે અસરકારક પરિણામ મળી શક્યું નથી.

રાઈટ ટુ એજયુકેશન એકટ અન્વયે ગરીબ તેમજ વંચિત જૂથના વિધાર્થીઓને ધો-૧ માં શહેરની સ્વનિર્ભર શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે છે. અનાથ તેમજ બાળગૃહના અને મજુર તેમજ સ્થળાંતરીત મજુરોના બાળકોને પણ આ યોજના અન્વયે પ્રવેશ આપવામાં આવે છે. લાભાર્થીઓને ધો ૧ થી ૮માં વિનામુલ્યે શિક્ષણ પુરુ પાડવામાં આવે છે. આ ઉપરાંત પ્રવેશ મેળવનાર દરેક વિધાર્થીને ગણવેશ તેમજ ટ્રાન્સપોર્ટેસન અન્વયે વાર્ષિક રૂ ૩ હજાર ચુકવવામાં આવે છે.

જયારે બી પી એલ યાદીમાં ન આવતા હોય તેવા કિસ્સામાં પણ રૂ ૬૮ હજારની આવક ધરાવતા પરિવારોના બાળકોને પણ પ્રવેશ આપવામાં આવે છે. અનુસુચિત જનજાતિ,સામાજિક શૈક્ષણિક પછાત કુટુંબ માટે પણ રૂ ૧ લાખની આવક મર્યાદા નક્કી કરવામાં આવી છે. આગામી શૈક્ષણિક સત્રને ધ્યાને રાખી તા ૧ જૂન ૨૦૧૫ સુધીમાં ૫ વર્ષ થયા હોય તેવા કિસ્સામાં વિધાર્થીઓને ધો-૧ માં પ્રવેશ આપવામાં આવશે. શિક્ષણતંત્ર દ્વારા આ મામલે ફાર્મ ભરવાની તારીખ પણ લંબાવી દેવાઈ છે. લાભાર્થીઓને શહેરની સ્વનિર્ભર શાળાઓમાં પ્રવેશ આપવામાં આવશે.

# ગાંધીનગર જિલ્લામાં વણથંભી વિકાસયાત્રાના કાર્યક્રમમાં ૧૩૧ લાખના વિકાસ કામોનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લામાં વણથંભી વિકાસ યાત્રા કાર્યક્રમ અંતર્ગત તા. ૧૭ અને ૧૮મી એપ્રિલના રોજ ગાંધીનગર અને દહેગામ તાલુકામાં કુલ રૂપિયા અંદાજે ૧૩૧ લાખથી વઘુના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થનાર છે. જેમાં તા. ૧૭મી એપ્રિલના રોજ ગાંધીનગર તાલુકામાં ૭૫ લાખથી વઘુના વિકાસ કામો અને તા. ૧૮મી એપ્રિલના રોજ ૫૫ લાખથી વઘુના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત થશે.

ગાંધીનગર તાલુકામાં ૧૭મીના રોજ ગુજરાત રાજય યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદના અઘ્યક્ષ શ્રી ભાવનાબેન દવેના હસ્તે નવા પિંપળજ ગામ ખાતે વાસ્મો દ્વારા રૂપિયા ૧૮.૧૬ લાખના ખર્ચે નિર્માણ થયેલ પાણીની ટાંકી, પંપરૂમ અને પાઈપલાઈન અને સુઘડ ગામ ખાતે રૂપિયા ૯.૬૬ લાખના ખર્ચે નિર્માણ થયેલ પાઈપલાઈનનું લોકાર્પણ થશે. તેમજ કોલવડા ગામ ખાતે કોલવડા કન્યા શાળામાં તૈયાર થયેલ શાળાના ૬ ઓરડાઓનું લોકાર્પણ પણ કરવામાં આવશે.

દહેગામ તાલુકામાં ૧૮મીના રોજ વિધાનસભાના મુખ્ય દંડક શ્રી પંકજભાઈ દેસાઈના હસ્તે કડાદરા ગામે રૂપિયા ૨૦.૦૩ લાખના ખર્ચે તૈયાર થનાર પાણીની ટાંકીનું અને ઝાંક ગામ ખાતે રૂપિયા ૧૮.૬૩ લાખના ખર્ચે તૈયાર થનાર પાણીની ટાંકી તથા પાઈપલાઈનનું ખાતમુહુર્ત કરાશે. તેમજ કડાદરા ગામ ખાતે રૂપિયા ૧૭.૨૫ લાખના ખર્ચે તૈયાર થયેલ -ાથમિક શાળાના ૩ ઓરડાઓનું લોકાર્પણ પણ કરવામાં આવશે.

આઠમી પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન



ભર્યા ભર્યા જગ વચ્ચે
એકલું લાગે ત્યારે,
શૂળ બનીને યાદ તારી
અંતર વાગે જ્યારે.

સ્વ. અનંતકુમાર નટુભાઈ પરમાર
M.Sc. (IT)
Officer,
Corporation Bank
Eye-Donor
1983-2007

નટુભાઈ - રસીલાબેન પરમાર
સ્નેહલ - નમ્રતા, અક્ષત ● અપેક્ષા
અક્ષરા, જવલ તથા પરિવાર
૧૬૮/૨, સૂર્યનારાયણ સોસાયટી, સે.૨૫, ગાંધીનગર
મો. : ૯૮૨૫૬ ૩૨૮૩૮ અને ૨૩૨૮૭૩૯૦

# રાજ્યના બે એડી. ડી.જી.પી.ને ડી.જી.પી. તરીકે બઢતી અપાઈ

ગાંધીનગર, તા. ૧૬

રાજ્ય સરકારે એડીશનલ ડી.જી.પી. કક્ષાના બે આઈ.પી.એસ. અધિકારીઓને ડી.જી.પી. તરીકે બઢતી આપીને જે જગ્યાએ ફરજ બજાવે છે તે જગ્યાને અપગ્રેડ કરીને નિમણુંક આપવામાં આવી છે.

આ ઉપરાંત બે અન્ય ઉચ્ચ આઈ.પી.એસ. અધિકારીને એડીશનલ ડી.જી.પી. તરીકે બઢતી આપતા હૂકમો કરવામાં આવ્યા છે.

| નામ | હાલની જગ્યા | બઢતીની જગ્યા |
|---|---|---|
| શ્રીમતી ગીથા જ્હોરી | એમ.ડી. પોલીસ હાઉસીંગ, કોર્પોરેશન, ગાંધીનગર | એમ.ડી. પોલીસ હાઉસીંગ કોર્પોરેશન, ગાંધીનગર |
| પ્રમોદકુમાર | એડી. ડી.જી.પી. સીઆઈડી ક્રાઈમ, રેલવે ગાંધીનગર | ડી.જી.પી. સી.આઈ.ડી. ક્રાઈમ રેલવે ગાંધીનગર |
| કે.કે ઓઝા | આચાર્ય પોલીસ તાલીમ કેન્દ્ર ચોકી, જૂનાગઢ | આચાર્ય પોલીસ તાલીમ કેન્દ્ર ચોકી જૂનાગઢ |
| પી.બી. ગોંદીયા | સંયુક્ત નિયામક નાગરીક સંરક્ષણ, અમદાવાદ | નિયામક નાગરીક સંરક્ષણ, અમદાવાદ |

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com